R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા . ટે.નં(મો)૯૮૨૫૧૬૯૩૮૬
વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ (૩૦૮)સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજ રોડ, નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-28 • ISSUE: 22/23 DATE: 08-06-2019• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/

## નવરાત્રિની રજાઓ રદ કરવા ગુજરાત સરકારનો નિર્ણય

ભાજપ સરકારે ૨૦૧૯ના વર્ષ માટે શાળા-કોલેજોમાં જાહેર કરેલું નવરાત્રિ વેકેશન રદ કરી નાંખ્યું છે.અગાઉ નવરાત્રિ વેકેશનની જાહેરાત કરી હતી.પરંતુ મળેલી મંત્રીમંડળની બેઠકમાં નવરાત્રિ વેકેશનનો નિર્ણય રદ કરી દેવામાં આવ્યો હતો.સરકારે વેકેશન બાબતે ફેરવી તોળતાં અગાઉ ક્યા સ્તરે નિર્ણય લેવાયો હતો અને થોડા દિવસમાં એવી કઇ પરિસ્થિતિ સર્જાઇ હતી કે વેકેશન રદ કરવું પડ્યું તે અંગે વિવાદ સાથે અનેક તર્ક વિતર્ક થવા પામ્યા છે. શાળા સંચાલકો દ્વારા પહેલાંથી જ નવરાત્રિ વેકેશનનો વિરોધ કરવામાં આવ્યો હતો અને શિક્ષણ વિભાગની વેકેશનની જાહેરાત પછી મુખ્યમંત્રી સુધી તે રદ કરવા જાહેરાતો કરવામાં આવી હતી.ધો. ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષા ૨૦૨૦ના વર્ષમાં પાંચ માર્ચથી લેવામાં આવશે.

શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિહ ચુડાસમાએ મંત્રી મંડળની બેઠક પછી એવી જાહેરાત કરી હતી કે સીએમ રુપાણીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં પુખ્ત ચર્ચા-વિચારણા અંતે નવરાત્રિ વેકેશન ચાલુ વર્ષે રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.કેબિનેટનો નિર્ણય સર્વોપરી હોય છે તેમ કહેતાં તેમણે ઉનાળુ વેકેશન નહીં લંબાવાય તેનો પણ પુનરોચ્ચાર કર્યો હતો.સરકાર દ્વારા આ મુદ્દે સત્તાવાર રીતે જણાવાયું હતું કે સરકારી અને ખાનગી પ્રાથમિક શાળાઓ ઉપરાંત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,યુનીવરસીટી કોલેજોમાં પણ ચાલુ શૈક્ષણિક કેલેન્ડર વર્ષમાં અપાયેલું વેકેશન રદ કરવામાં આવે છે.જે તમામ સરકારી,ખાનગી શાળા-કોલેજોને લાગુ પડશે.

અગાઉ સરકારે જાહેર કર્યુ હતું કે ૨૦૧૮ના વર્ષમાં પહેલી વાર નવરાત્રિ વેકેશન અપાયું હતું તેવીજ રીતે આ વખતે પણ વેકેશન આપવામાં આવશે નહી.બોર્ડની શિક્ષણ સમિતિ દ્વારા પણ વેકેશન નહી રાખવા શિક્ષણ વિભાગને રજુઆત કરાઈ હતી.જો કે શાળા-કોલેજોમાં ૩૦-૯-૨૦૧૯ થી ૭-૧૦-૨૦૧૯ સુધીનુ આઠ દિવસનું વેકેશન જાહેર કરાયું હતું.અને ૧૩ દિવસનું દિવાળી વેકેશન ૨૫ ઓક્ટોબરથી અપાયું હતું.હવે નવરાત્રી વેકેશન રદ કરાતાં નવા શૈક્ષણિક કેલેન્ડર મુજબ દીવાળી વેકેશન પુન : ૨૧ દિવસનું રાખવામાં આવશે.

જો કે સરકારે નિર્ણય કેમ ફેરવી તોળવો પડ્યો તે અંગે સચિવાલયમાં પણ ભારે ચર્ચા ચાલી હતી. તે મુજબ વેકેશન આપી દેવાયા બાદ રાજકોટ અને સુરત સહિતના શાળા સંચાલકોએ ભારે વિરોધ કર્યો હતો.શિક્ષણમંત્રી ચુડાસમાથી લઈને સીએમ સુધી વેકેશન રદ કરવા રજુઆત કરાઈ હતી. આ વેકેશનના કારણે વિદ્યાર્થીઓનું ભણવાનું સાતત્ય જળવાતું નથી અને વારંવાર વિક્ષેપ પડે છે.તેવી રજુઆત કરાઈ હતી. તે સાથે દિવાળી વેકેશન ઓછું કરી દેવાય તો શૈક્ષણિક કેલેન્ડર પણ જળવાતું નહીં હોવા અંગે પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું. વાલીઓ સહિત વિદ્યાર્થીનો એક વર્ગ પણ વેકેશનના વિરોધમાં હતો.

## ઇગ્લેન્ડમાં રમાઇ રહેલા ક્રિકેટ વર્લ્ડકપની પ્રથમ મેચમાં ભારતનો સાઉથ આફ્રીકા સામે વિજય

વર્લ્ડકપ-૨૦૧૯ના ભારતની સાઉથ આફ્રિકા સામેની પ્રથમ મેચમાં જીત મેળવીને પોતાનો દમદાર દેખાવ કર્યો છે. બેટિંગ અને બોલિંગ બેઉમાં પ્રભાવશાળી દેખાવ કરનાર ભારતની ટીમમાંથી ઓપનર રોહિત શર્માએ વર્લ્ડકપની બીજી સદી નોધાવી હતી અને છેક સુધી અણનમ રહ્યો હતો. જ્યારે સાઉથ આફ્રિકાની ટીમને ભારતીય બોલરોએ હંફાવી હતી. જસપ્રીત બુમરાહે શરુઆતમાં બે વિકેટો લઈને તેમની ધાર બુઠી કરી નાંખી હતી. જ્યારે ત્યાર બાદ ચહેલ પોતાની કાંડાની કરામતથી સાઉથ આફ્રીકાના બેટસમેનોને મુંઝવી કાઢ્યા હતા અને તેમની વિકેટો ઝડપી હતી. ચેહલને આ મેચમાં કુલ ચાર વિકેટો લેવાનું શ્રેય મળ્યું હતું.

## એચ૧-બી વિઝાધારકોના જીવનસાથીઓને અપાતી વર્ક પરમીટને સંરક્ષણ આપવા ખરડો રજુ કરાયો : ટ્રમ્પ સરકારની વિઝા નીતિને અમેરીકી સંસદમાં ખરડા દ્વારા પડકાર

એચ ૧ બી વિઝાધારકોના જીવનસાથીને અમેરીકામાં વર્ક પરમીટ માટે અપાતા એચ-૪ વિઝાના સંરક્ષણ માટે કેલીફોર્નિયાના બે વગદાર સાંસદોએ અમેરરિકાની પ્રતિનિધિ સભામાં ખરડો રજુ કર્યો છે.મોટી સંખ્યામાં ભારતીય અમેરિકન મહિલાઓ આ વિઝા ધરાવે છે.આ વિઝા અંતગર્ત વ્યક્તિને અમેરિકામાં જોબ કરવાની પરવાનગી આપવામાં આવે છે. પરંતુ હાલમાં ટ્રમ્પ સરકારે આ વિઝા અંતગર્ત વર્ક પરમીટ જારી નહીં કરવાનો પ્રસ્તાવ મુક્યો છે.ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરીટીએ થોડા દિવસ પહેલા જણાવ્યુ હતું કે એચ-૪ વિઝા પર રહેતા જીવનસાથીઓને વર્ક પરમીટ પર રોક લગાવતી જાહેરાત ટુંક સમયમાં કરાશે. જેના પગલે બે સાંસદોએ આ ખરડો પેશ કર્યો છે.

સાંસદો આન્ના જી ઈશુ અને ઝો લોફગ્રેને જણાવ્યુ હતું કે અમેરિકી અર્થતંત્રમાં યોગદાન આપવા અને પોતાના વ્યવસાયિક લક્ષ્યાંકો હાંસલ કરવા માટે વર્ક પરમીટ મેળવવા માટે ગ્રીન કાર્ડની લાંબી કતારમાં અટવાઈ ગયેલા એચવન બી વિઝાધારકોના એચ-૪ વિઝાધારક જીવનસાથીઓને પરવાનગી આપતાં નિયંત્રણો હટાવી લેવાની યોજનાની ટ્રમ્પ સરકારે જાહેરાત કરી હતી.

તેમણે જણાવ્યુ હતું કે સંખ્યાબંધ એચ-૪ વિઝાધારકો ઉચ્ચ કૌશલ્ય ધરાવતા વ્યવસાયિકો છે અને અગાઉ ડીએચએસ દ્વારા તેમને વર્ક પરમીટ અપાતી હતી.જેથી તેઓ એચવનબી વિઝાધારકોના પરિવારો પરના આર્થિક બોજાને હળવો કરી શકે.ઘણા એચવનબી વિઝાધારકો સિલીકોન વેલી જેવા અત્યંત મોઘાં વિસ્તારોમાં એક વ્યક્તિની આવક પર રહે છે.

## ટ્રમ્પ શાસન ભારત સાથે ખાસ સહયોગી તરીકે નિકટતાથી કામ કરશે

ટ્રમ્પ શાસને ભારતને અમેરિકાનું સૌથી ખાસ સહયોગી ગણાવ્યું છે. તેણે કહ્યું છે કે અમેરિકા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે નિકટતાથી કામ કરતું રહેશે.અમેરિકન વિદેશ મંત્રાલયના પ્રવક્તા મોર્ગને ઓૈતાગસે એક પત્રકાર પરિષદમાં કહ્યુ હતું કે અમેરિકાને ભારતમાં હાલમાં યોજાયેલી લોકસભા ચુંટણીઓની નિષ્પક્ષતા પર પુરેપરો ભરોસો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ,ઉપરાષ્ટ્રપ્રમુખ માઈક પેન્સ અને વિદેશ મંત્રાલય સંભાળતા મંત્રી માઈક પોમ્પિઓએ લોકસભા ચુંટણીમાં શાનદાર વિજય માટે પીએમ મોદી અને ભાજપાને અભિનંદન આપ્યા હતા.મોર્ગને એક સવાલના જવાબમાં કહ્યુ હતું કે અમે મોદી સાથે નિશ્ચિતપણે નિકટતાથી કામ કરીશું. જે અમે અગાઉ પણ અનેકવાર કર્યુ છે.

તેમણે કહ્યુ હતું કે મને લાગે છે કે વિદેશ મંત્રી પોમ્પિયો અને મુદ્દાઓ પર ભારત સાથે નક્કર ચર્ચા કરશે.ભારત એક સૌથી ખાસ સહયોગી દેશ છે. અને અમેરિકાનું પાર્ટનર છે.અમેરિકામાં મોટી સંખ્યામાં સાંસદો અને વરિષ્ઠ સરકારી અધિકારીઓએ મોદીની જીત પર તેમને અભિનંદન આપ્યા હતા.અમેરિકામાં ભારતીય દુતાવાસના અનુસાર ૫૦ થી વધુ અમેરિકન સાંસદો અને વરિષ્ઠ અધિકારીઓએ પીએમ મોદીને અભિનંદનના સંદેશા મોકલ્યા હતા.ઈન્ડીયન અમેરિકન ફોરમના પ્રમુખ સંપત શિવાંગીએ કહ્યુ હતું કે વડાપ્રધાન મોદીએ બારતની ફોરેન એફેર્સમાં વિશ્વશનીયતા વધારી છે.તેઓ અનેક ઉપખંડમાં પ્રવાસો કરી ચુક્યા છે. અને અનેક મિત્રો બનાવ્ય છે.ભારત હવે ત્રીજા વિશ્વનો દેશ રહ્યો નથી.તે દુનીયાની ટોચની અર્થવ્યવસ્થા છે.

## હવે જો રામ મંદિર ન બંધાયુ તો લોકોને વિશ્વાસ ઉઠી જશે : શિવસેના

લોકસભાની ચુંટણી પછી કેન્દ્રમાં ફરી એક વાર મોદી સરકાર બનવા સાથે અયોધ્યામાં રામમંદિર બાંધવાનને લઈને રાજકીય અખાડામાં ગુસપુસ ચાલુ થઈ ગઈ છે.કેટલાક દિવસ પહેલા અયોધ્યામાં સાધુ-સંતોએ આ બાબતે એક ખાસ બેઠક કરી અને હવે શિવસેનાએ આ બાબતે મુદ્દો ઉઠાવ્યો છે.શિવસેનાના પ્રવક્તા સંજય રાઉતે સ્પષ્ટ રીતે કહ્યુ છે કે આ વખતે રામમંદિરનું બાંધકામ જરુર થશે. તેમણે એમ પણ કહ્યુ કે આ વખતે રામમંદિરનું બાધકામ શરુ ન થયું તો લોકોનો અમારા પરથી વિશ્વાસ ઉઠી જશે. સંજય રાઉતનું આ નિવેદન ત્યારે આવ્યું છે જ્યારે શિવસેના ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે આ મહિનાના અંતમાં ફરી એક વાર અયોધ્યા જવાના છે.

રામમંદિર નિર્માણનો મુદ્દો ઉઠાવતાં સંજય રાઉતે કહ્યુ કે મને લાગે છે કે આ વખતે રામમંદિરનું બાંધકામ જરુરથી શરુ થશે. જો આવું નહી થાય તો પછી પ્રજા અમારા પરથી વિશ્વાસ કરવાનું છોડી દેશે.દરમિયાન રાઉતે સંખ્યાબળ ગણાવતાં કહ્યુ હતું કે ભાજપની એકલાની પાસે ૩૦૩ સીટ છે. શિવસેના પાસે ૧૮ અને એનડીએ ની વાત કરીએ તો ૩૫૦નું સંખ્યાબળ છે.રામમંદિરના નિર્માણ માટે આનાથી વધારે શાની જરુર છે.

કેન્દ્રમાં સરકાર બનાવનાર એનડીએના સાથીપક્ષ શિવસેનાએ હવે લોકસભાના ડેપ્યુટી સ્પીકર પદની માંગ કરી છે.શિવસેનાના નેતા સંજય રાઉતે કહ્યુ હતું કે અમારો હક છે અને એ પદ અમને મળવું જોઈએ. નવી સરકાર બન્યા બાદ સંસદનું બજેટ સત્ર ૧૭મી જુનથી શરુ થનાર છે. સ્પીકરની ચુંટણી ૧૯ જુનમાં થશે.એ પછી નાણાં પ્રધાન નિર્મલા સીતારામ ૫ જુલાઈએ બજેટ રજુ કરશે.આ પહેલાં એનડીએએ વચગાળાનું બજેટ રજુ કર્યુ હતું

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવક્રાંતિ

સુરતમાં ફાયરસેફટીની વ્યવસ્થા વિના ધમધમતા ટયુશન કલાસીસમાં લાગેલી આગથી ત્યાં અભ્યાસ કરી રહેલા ૨૧ વિદ્યાર્થીઓ કરુણ રીતે મોતને ભેટ્યા હતા.વરાછા પાસેના સરથાણા વિસ્તારના તક્ષશીલા આર્કેડ બિલ્ડીંગમાં ચોથે માળે શોટ સર્કીટને કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક કારણ જણાય છે.મૃત્યુ પામેલા વિદ્યાર્થીઓમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ ગભરાઈને કુદી પડતાં મોતને ભેટ્યા હતા.વિકાસની વાતો કરતી સરકાર પાસે આવા સમયે બચાવના સાધનોની કમી વર્તાઈ હતી.ત્યારબાદ સરકારે જે ઝડી વરસાવી તેના કારણે ઉંઘતા તંત્રના બેદરકાર અધિકારીઓની ઉંઘ ઉડી. પરંતુ ત્યાં સુધીમાં ૨૧ વિદ્યાર્થીઓના ભાવિ મોતમાં તબદીલ થઈ ગયાં.જેમના માં-બાપ જેઓના સપના આ બાળકો સાથે જોડાયેલા હતા તે વેરવિખેર થઈ ગયા.

રાજ્ય સરકારે તાત્કાલિક ફરમાનો જારી કરતાં અનેક ટ્યુશન ક્લાસીસો પર તવાઈ બોલાઈ ગઈ. સાથે સાથે અનેક ઈમારતોના ધાબા ઉપર અને ભોયરામાં ગેરકાયદેસર બંધાયેલા બાંધકામો દુર કરવા માટે ફટાફટ આદેશો અપાયા. કેટલાક લોકોના મોત બાદ તંત્ર તેની બેદરકારીમાંથી જાગે તે અજુગતું લાગતું નથી. ભ્રષ્ટાચાર આદરીને ગેરકાયદેસર બનતા બાંધકામોમાં જેટલા જવાબદાર બાંધકામ કરનારા છે તેટલા જ તે વિસ્તારના અધિકારીઓને ગણી શકાય. અને જે મોત નિપજ્યા છે તેની જવાબદારી તેમના શીરે મારી શકાય.

રાંડ્યા પછીનું ડહાપણ સરકારને થાય છે તે આપણે આપત્તિ કે થતી હોનારતો બાદ જોઈ શકીયે છીએ.મોતના બદલે તેમના પરિવારજનોને નાણાંકીય સહાય આપી તે ઓછી ક્રુરતા ના કહેવાય ? આ તો સરકાર પોતાની જવાબદારી નહી નિભાવવાનો દંડ ભરે છે. જો કે આ દંડ જેમણે આ ભ્રષ્ટાચાર આદર્યો છે તેમની મિલ્કતો વેચીને કે તેમાંથી વસુલ કરીને મોત પામનારાઓના પરિવારજનોને આપવો જોઈએ.

અનેક જગ્યાઓ પર ફાઈબર શેડ બાંધીને તેને કોર્મશયલ રીતે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.ફાયબર શીટમાં આગ લાગવાની થતી ધુમાડો ઝેરી હોવાને કારણે લોકોના મોત વધુ થાય તેવું કહેવામાં આવે છે.આ પહેલાં પતરાની શીટો વપરાતી પરંતુ આ ફાઈબર સીટો પતરાં કરતાં વધુ સસ્તી બનતી હોય છે અને ઝડપથી બાંધકામ કરવામાં સરળ પડે છે.

વધુ ઝડપથી નાણાં કમાવાની હોડમાં ઉતરેલા સહુ કોઈને આ બાબતે આપણે એટલી સલાહ તો આપી શકીએ કે તમે રુપીયા કમાવો તેનો અમને કોઈ રંજ નથી પરંતુ તેના કારણે લોકોને પોતાના જાનથી હાથ ધોવા પડે તેવું તો ના જ થવું જોઈએ.સરકાર કેસો કરશે, થોડા દિવસ જેલમાં મોકલશે,કોર્ટમો કેસો ચાલશે અને પુરાવાની અછતને કારણે કસુરવારો છુટી જશે. પરંતુ તંત્ર સુધરશે તેવું માની લેવું અઘરુ છે કારણકે તેમને કોઈ અસર થવાની નથી.તાત્કાલિક તેમને દોડાદોડી થાય, જ્યાં સુધી મીડીયા તેની ઉપર ચર્ચા કરે કે તેના સમાચારો છાપે પરંતુ ત્યાર બાદ બધું શાંત પડી જશે.માત્ર જેમણે પોતાના વહાલસોયા સંતાનો ખોયા છે તેઓ આખી જીદંગી તેનો માતમ મનાવશે.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૫૧)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૧૦૮ | ડીપ્લોમાં ઈલેકટ્રીકલ એન્જી.(આર્યલેન્ડ) | ૩૦-૬-૮૪ | - | મેથો. | કુંવારા |
| ૧૦૯ | બીઈ.આઈટી કો. એન્જી.(પોલેન્ડ) | ૨૦-૧૧-૯૪ | ૫૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૧૧૦ | એમ.એસ.(અમેરિકા) | ૧૧-૨-૮૮ | ૩૦૦૦ડોલર | સા.આર્મી. | કુંવારા |
| ૧૧૧ | બીકોમ.(ડિપ્લો.ટેક્ષ-લો.)(દુબાઈ) | ૨૮-૮-૮૮ | ૬૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૧૧૨ | લો.એન્ફોર્સમેન્ટ એકેડેમી(અમેરિકા) | ૧૯-૧૨-૯૬ | - | મેથો. | કુંવારા |
| ૧૧૩ | બીઈ.માસ્ટર ચાલુ(ઓસ્ટ્રેલીયા) | ૧૯-૧૨-૯૪ | - | સીએનઆઈ | કુંવારા |
| ૨૨ | બીઈ.આઈટી એમઈઆઈટી(ઓસ્ટ્રેલીયા) | ૧૨-૩-૮૬ | ૪ લાખ | આર.સી. | છુટાછેડા |
| ૫૨૬ | એમ એસ ડબલ્યુ. | ૩૦-૧૨-૮૬ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૨૭ | બીઈ એન્જી.(ઈસી) | ૧૪-૧૨-૯૪ | ૧૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૫૨૮ | બીટેક.આઈટી | ૨૪-૧૧-૮૯ | ૧૩૦૦૦ | મેથો. | કુંવારા |
| ૫૨૯ | સોફટવેર એન્જી. | ૨૯-૧૨-૯૩ | ૨૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૩૦ | બીબીએ.હોસ્પી. મેનેજમેન્ટ | ૭-૧૦-૯૦ | ૪૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૩૧ | બીએ,બીપીએડ.જીએનએમ ચાલુ. | ૩-૯-૮૭ | ૨૪૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૫૩૨ | ડીપ્લોમાં મીકેનીકલ એન્જી. | ૨૬-૮-૮૫ | ૬૦૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૫૩૩ | બીઈઆઈટી | ૧૮-૨-૮૯ | ૪૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૫૩૪ | એમબીએ(ફાયનાન્સ) | ૨૦--૧૦-૮૯ | ૩૦૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૫૩૫ | એમએ બીએડ એમફિલ | ૨૭-૭-૭૯ | ૫૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૮૩૬ | એસએસસી. બીએડ | ૨૩-૫-૯૧ | ૨૦૦૦૦ | આઈ.પી. | કુંવારા |
| ૮૪૨ | બીએ.અંગ્રેજી,સ્ટેનોગ્રાફર | ૨૩-૧-૮૨ | ૧૮૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૮૪૩ | ડીપ્લોમાં. ઈન ઈ.સી. | ૧૩-૪-૯૨ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૮૪૪ | ડીપ્લોમા ઈન ઈસી | ૨૭-૯-૯૦ | ૨૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૦ | ૧૨ પાસ | ૧-૧૨-૮૪ | ૧૫૦૦૦ | આર.સી. | વિકલાંગ |
| ૩૩૯ | ડિપ્લોમાં ઈન રેડીયોલોજી | ૧૧-૭-૮૯ | ૧૮૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૨૯ | બીએ | ૧૮-૧૦-૯૧ | ૨૦૦૦૦ | આર.સી. | વિકલાંગ |
| ૩૪૦ | મીકેનીકલ ડ્રાફટસમેન | ૧૨-૫-૮૮ | ૨૧૫૦૦ | મેથો. | છુટાછેડા |
| ૩૪૧ | એમબીએ (એમઆર) | ૧૩-૯-૮૩ | - | આર.સી . | છુટાછેડા |
| ૩૪૩ | બીએ.પીટીસી.આઈટીઆઈ | ૩-૩-૮૭ | ૨૦૫૦૦ | સીએનઆઈ | છુટાછેડા |

## ★ યુવતીઓ (૫૧) ★

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬૨ | એમ.બી.એ.આઈ.ટી(અમેરિકા) | ૧૧-૧-૮૮ | - | સીએનઆઈ | કુંવારી |
| ૬૩ | બીસીએ,નેટવર્કીંગ કોમ્પ્યુ.(ન્યુઝીલેન્ડ) | ૩૦-૬-૯૪ | - | મેથો. | કુંવારી |
| ૬૪ | એમએસસી(બાયો.) કેનેડા | ૨૦-૮-૯૦ | ૨ લાખ | આર.સી. | કુંવારી |
| ૩૭ | બીઈ કોમ્પ્યુ. એન્જી.મેરિકા) | ૨--૬-૮૬ | ૩ લાખ | આર.સી. | કુંવારી |
| ૪૭ | બીઈ. આઈટી (કેનેડા) | ૨૭-૧૨-૮૯ | ૨ લાખ | આર.સી. | કુંવારી |
| ૫૩૪ | એમ.બી.એ. | ૬-૯-૯૫ | - | મેથો. | કુંવારી |
| ૫૩૫ | જી.એન.એમ. | ૨૫-૫-૯૩ | ૩૧૦૦૦ | મેથો. | કુંવારી |
| ૫૩૬ | આઈ.ટી.એન્જીનીયર | ૩૦-૧૧-૯૦ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૩૭ | એમ.એ. | ૧૭-૧૧-૮૯ | - | આર.સી. | કુંવારી |
| ૫૩૮ | બીએ. માસ્ટર સોશ્યલ વર્ક | ૧૬-૧૧-૮૯ | ૨૦૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૩૯ | બીએસસી નર્સીંગ | ૨૦-૫-૯૪ | ૨૦૦૦૦ | મેથો. | કુંવારી |
| ૫૪૦ | એમ.બી.એ(ફાયનાન્સ) | ૨૨-૫-૯૪ | ૨૫૦૦૦ | અલાયન્સ | કુંવારી |
| ૫૫૦ | ૯ પાસ | ૭-૧૧-૦૧ | - | આર.સી. | કુંવારી |
| ૫૫૧ | બી.એ. | ૨૧-૧૧-૭૯ | - | મેથો. | કુંવારી |
| ૫૫૨ | બી.કોમ. | ૨૭-૯-૭૮ | ૬૦૦૦ | મેથો. | કુંવારી |
| ૫૫૩ | બી.એ. | ૯-૫-૯૫ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૫૪ | પીટીસી,એમ.એ.(અંગ્રેજી) | ૧૯-૧-૯૦ | ૧૦૦૦૦ | મેથો. | કુંવારી |
| ૫૫૫ | બીએસસી. બીએડ. | ૨૦-૧૦-૯૦ | ૨૦૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૫૬ | એમ.એ.બીએડ (અંગ્રેજી) | ૧૫-૬-૮૨ | ૮૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૨૩ | ફીજીયો થેરાપીસ્ટ(ન્યુઝીલેન્ડ) | ૧૬-૯-૮૭ | - | આઈ.પી. | વિધવા |
| ૨૧ | બી.કોમ.જનરલ નર્સીંગ ( કેનેડા) | ૨૯-૭-૭૮ | ૨૦૦૦ ડોલર | સીએનઆઈ | છુટાછેડા |
| ૨૦૩ | પી.ટી.સી. | ૨૪-૧૨-૯૨ | - | સીએનઆઈ | છુટાછેડા |
| ૨૦૪ | જીએનએમ | ૧૬-૭-૯૪ | ૧૧૫૦૦ | મેથો. | છુટાછેડા |
| ૨૦૫ | એમ.એ. સેનેટરી ઈન્સપેકટર | ૨૬-૧-૯૦ | ૧૦૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૨૦૬ | ૧૦ નાપાસ, પ્રિપીટીસી | ૧૬-૧-૮૬ | - | આર.સી. | છુટાછેડા |
| ૨૦૭ | ૧૨ પાસ, એક વર્ષ નર્સીંગ કોર્ષ | ૫-૩-૮૬ | ૧૩૦૦૦ | સા.આર્મી. | છુટાછેડા |

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

**ડાયરેકટરશ્રી ભાઈલાલભાઈ એસ.ટેલર,**

**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ, નડીયાદનો સંપર્ક કરવો.**

તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે

(૧) રજીસ્ટ્રેશન ફી યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.

(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઈપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૪)લગ્નવાંચ્છુક યુવક - યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઈન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.(૫)**visit by appointment only**

# લોકસભા ૨૦૧૯ની ચુંટણીમાં ભાજપને પ્રચંડ બહુમતી મળી : કોંગ્રેસનો ભારે રકાસ



૨૦૧૯ની લોકસભાની ચુંટણીમાં ફરી એકવાર ભાજપને પ્રચંડ બહુમતી મળી છે.કેન્દ્રમાં ફરી એક વાર નરેન્દ્ર મોદીની સરકારની રચના થઇ છે.મોદીના નામે ભાજપે ૩૦૦ અંકોને પાર કર્યા હતા.તેના સાથી પક્ષોને પણ તેનો ફાયદો થયો હતો.તેને કારણે એનડીએની સીટોની સંખ્યા ૩૫૦એ પહોચી ગઇ હતી.ગુજરાતમાં ભાજપે ૨૦૧૪ની જેમ લોકસભાની તમામ ૨૬ બેઠકો ફરી એક વાર મેળવી લીધી હતી.

લોકસભાની ચુંટણીમાં મળેલા પ્રચંડ વિજય પછી ભાજપ મુખ્યાલય ખાતે વડાપ્રધાન મોદીએ કહ્યુ હતું કે દેશ આઝાદ થયો બાદ આ ચુંટણીમાં સૌથી વધૂ મતદાન થયું છે. આ ચુંટણીમાં કોઇ પાર્ટી કે નેતા નહીં પરંતુ જનતાનો વિજય થયો છે.આજે લોકતંત્રનો વિજય થયો છે.

રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહે કહ્યુ હતું કે ૫૦ વર્ષમાં બીજી વાર એવું બની રહ્યું છે કેકોઇ બીજી વાર પુર્ણ બહુમત સાથે જીતીને વડાપ્રધાન બની રહ્યું છે

# કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીનો અમેઠીમાંથી હાર થઇ હતી તો વયનાડમાંથી ૬.૫લાખ મતોથી પ્રચંડ વિજય મેળવ્યો હતો



કોગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી માટે ચુંટણી પરિણામનો દિવસ અત્યંત મિશ્ર લાગણીનો રહ્યો હતો.પાર્ટીની ભુંડી હાર પછી તેઓ પોતાની પરંપરાગત અમેઠીની બેઠક પરથી ચુંટણી હારી ગયા હતા.ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઇરાની સામે રાહુલનો પરાજય થયો હતો.જો કે કેરળના વયનાડ બેઠક પરથી તેઓ પ્રચંડ બહુમતી એટલે ક ૬.૫ લાખથી વધુ માર્જિનથી જીતી ગયા હતા. અમેઠીમાં સ્મૃતિ ઇરાની સાથે ટક્કર ચાલતી હતી પરંતુ તે પછી સ્મૃતિ ઇરાની ઘણા આગળ નીકળી ગયા હતા.

રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સમાં અમેઠીના પરાજયનો સ્વીકાર કરીને સ્મૃતિ ઇરાનીને અભિનંદન આપ્યા હતા.તેમજ નરેન્દ્ર મોદીને ભાજપની જીત માટે પણ અભિનંદન આપ્યા હતા.તેમણે કહ્યુ હતું કે જનતા જે આદેશ આપે તે તેમને સ્વીકાર્ય છે.જનતા માલિક છે.તેમણે કહ્યુ હતું કે તેમના પાર્ટીના કાર્યકરોએ ભારે મહેનત કરી હતી તે માટે તેઓ તેમને ધન્યવાદ આપ્યા હતા.

# પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજીની બેઠકો ઘટીઃ ભાજપનો ૧૯ બેઠકો પર વિજય



પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીના પક્ષ તુણમુલ કોગ્રેસને ભારે આંચકો સહન કરવો પડ્યો છે.૨૦૧૪માં માત્ર બે બેઠકો પર વિજય મેળવેલા ભાજપને આ વખતે ૧૯ બેઠકો પર લીડ મેળવીને ગણતરીઓને ખોટી સાબિત કરી દીધી છે. મમતા બેનરજીના ગઢના કાંકરા ખેરવવા અઘરુ કાર્ય હતું પરંતુ અમિત શાહ અને નરેન્દ્ર મોદીની જોડીએ બંગાળમાં કલ્પના બહારની લીડ મેળવી હતી.ભાજપને મળેલા મતોની ટકાવારીમાં અઢળક વધારો થયો હતો.ભાજપને ૪૦ ટકા અને ટીએમસીને ૪૪ ટકા મતો મળ્યા છે.

આમ ચુંટણી પરિણામો પરથી દેખાઇ આવ્યું છે કે પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજીના વળતા પાણી થઇ રહ્યા છે. તેમણે જે રીતે ડાબેરીઓને કાઢી મુક્યા હવે કદાચ એ જ રીતે તેમના માટે થઇ શકે છે.મમતાની ગણતરીઓ ઉંધી પડી ગઇ છે અને તેમના હાથમાંથી બાજી સરી ગઇ છે.તેમણે ભાજપના નેતાઓ સામે ઘણી હામ ભીડી હતી પરંતુ તેઓ સફળ થઇ શક્યા નથી.

વીડીયો ટેપ અને વીડીયોરેકોર્ડરની શોધ ૧૯૫૬મા થઇ હતી.
મનુષ્યના ફેફસામાં ૩૦૦ અરબ જેટલી રક્તવાહીનીઓ છે.
ટોમ સોયરે નવલકથા લખવા માટે પહેલીવાર ટાઇપરાઇટરનો ઉપયોગ કર્યો હતો.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

ગ્રાહક મિત્રોને વિનંતી.
આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.
નવક્રાન્તિ સાપ્તાહિક
૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

# સુપ્રીમ કોર્ટમાં ચાર નવા જજોની નિમણુંક થવાથી હવે કોર્ટમાં જજોનો ફુલ ક્વોટા થઇ ગયો



સુપ્રીમ કોર્ટમાં નવા ચાર જજોની નિમણુંક થવાથી કોર્ટની જરુરીયાત પ્રમાણે કુલ ૩૧ જજોની ફુલ સ્ટ્રેથ થઇ ગઇ છે.અત્યાર સુધીમાં એપેક્ષ કોર્ટ ૨૭ જજોથી કોર્ટની કાર્યવાહી ચલાવતી હતી.કુલ મંજુર થયેલ જજોની સંખ્યા ૩૧ની છે.જેમાં ચીફ જસ્ટીસનો પણ સમાવેશ થાય છે.તાજેતરમાં થયેલ નિમણુંકને કારણે ઘણાબધા સમય પછી પ્રથમ વાર સંપુર્ણ મંજુર થયેલ સ્ટ્રેથ કાર્યશીલ બનશે.નવા ચાર નિમણુંક થયેલા જજોમાં જસ્ટીસ અનિરુધ્ધ બોઝ, એ.એસ. બોપન્ના, બી આર ગવાઇ અને સુર્યાકાંન્ત છે.જસ્ટીસ બોઝ અને બોપન્નાના નામ સરકારે આ પહેલા પરત મોકલ્યા હતા પરંતુ સુપ્રીમ કોર્ટે કોલેજીયમે તેને ફરીથી સીનીયોરીટી લીસ્ટમાં મુકીને રાજ્ય સ્તરનું પ્રતિનિધિત્વના કારણે આગળ ધરતાં મંજુરી આપવામાં આવી હતી.

આ માસ પહેલાં કોલેજીયમે જસ્ટીસ બોઝ અને બોપન્નાની સામે તેઓની લાયકાત,વર્તણુંક અને તેમની ઇન્ટીગ્રીટી સામે કોઇપણ જાતની શંકા કર્યા વગર તેમના નામોની ભલામણ કરી હતી.કોલેજીયમે જસ્ટીસ બીઆર ગવાઇ અને સુર્યા કુમારના નામોની પણ ભલામણ કરી હતી.૨૦૨૫માં જસ્ટીસ બીઆર ગવાઇ ચીફ જસ્ટીસ ઓફ ઇન્ડીયા બની શકશે. તેઓ બીજા દલિત ચીફ જસ્ટીસ બનશે. ચીફ જસ્ટીસ કે જી બાલાક્રિશ્નન દલિત હતા અને તેઓ મે ૧૧,૨૦૧૦માં રીટાયર્ડ થયા હતા.

પાંચ સભ્યોની બનેલી કોલેજીયમના હેડ તરીકે ચીફ જસ્ટીસ રંજન ગોગોઇ હતા.કાયદા મંત્રાલયના નોટીફીકેશન મુજબ પ્રેસીડેન્ટ રામ નાથ કોવિંદે સહી કરેલા વોરંટ ઓફ એપોઇમેન્ટ ઇસ્યુ કર્યા હતા.જસ્ટીસ બોઝ,જેમની માતૃ હાઇકોર્ટ કોલકોત્તા છે અને તેઓ ઝારખંડ હાઇકોર્ટના ચીફ જસ્ટીસ છે અને તેઓ સમગ્ર ભારતના ૧૨ જજોમાં સીનીયર છે.

જસ્ટીસ બોપન્ના કે જેમની માતૃ કોર્ટ કર્ણાટક છે અને તેઓ ગૌહત્તી હાઇકોર્ટના ચીફ જસ્ટીસ છે અને સમગ્ર ભારતમાં તેઓ સીનીયોરીટીમાં ૩૬માં ક્રમે છે.જસ્ટીસ ગવાઇ કે જેઓ મુંબઇ હાઇકોર્ટમાં છે અને જસ્ટીસ કાંત કે જેઓ હિમાચલ પ્રદેશ હાઇકોર્ટમાં ચીફ જસ્ટીસ છે.આ ચાર જજોની નિમણુંક વોટીંગની ગણતરીના એક દિવસ પહેલા આપવામાં આવી હતી.

## જાણવા જેવું !

સોલિડ કાર્બન ડાયોકસાઇડને ડ્રાય આઇસ તરીકે ઓળખવામાં આવે છે. તે જ્યારે વાતાવરણની ગરમીમાં આવે છે ત્યારે તે પીગળતો નથી પરંતુ હવામાં ઉડી જાય છે.૧૮૬૮માં બ્રિટીશ રેલરોડ સિગ્નલ એન્જીનીયર જે.પી.નાઇટે ટ્રાફિક સિગ્નલની શોધ કરી હતી.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# કદમ અસ્થિર હો એને કદી રસ્તો નથી જડતો .....

આપણું જીવન રોજબરોજ વાહન વ્યવહાર સાથે જોડાયેલું હોય છે. સેંકડો માણસો સેંકડો વાહનોનો ઉપયોગ કરતા હોય છે.આ વાહનો જેમ વિવિધ પ્રકારના કે વિવિધ કંપનીઓના હોય છે. જેમ ભિન્ન ભિન્ન વાહનો હોય છે તેમ ભિન્ન ભિન્ન વાહનોની પાછળ સુવિચાર અને ઉક્તિ જોવા મળતી હોય છે. ક્યારેક એવું બનતું હોય છે જે આપણે પુસ્તકમાં ન વાંચ્યુ હોય એવું વાક્ય આપણને ટ્રક કે અન્ય વાહનોની પાછળ વાંચવા મળતું હોય છે. એટલે જ હું ઘણી વાર વાહનોની પાછળ એક ઉડતી ઝલક નાંખી લઉ છું. કારણકે કોઇ વાક્ય મને એવું પણ જડી જતું હોય છે જે રત્નકણિકા જેવું લાગતું હોય છે.

એકવાર હું મારા વતને જઇ રહ્યો હતો. અમારી વાહનની આગળ એક મહાકાય ટ્રક જઇ રહી હતી. એ ટ્રક સામે અમારુ વાહન તો મદનીયું જ કહેવાય. હંમેશાની મારી ટેવ મુજબ મે એ ટ્રકની પાછળ એક ઝલક મારી. ટ્રકની પાછળ મોટા અને મરોડદાર અક્ષરોમાં લખ્યુ હતું , ‘હા થશે’ આ શબ્દથી હું ખુબ પ્રભાવિત થયો. આ શબ્દ વાંચીને મને એવી અનુભુતિ થઇ કે આ શબ્દ સાંપ્રત સમયમાં માનવી માટે પ્રેરણાનું ઝરણું સમાન છે. ટુંકુ ને ટચ વાક્ય વિરાટ સ્વરુપે માનવીને સુબોધ આપે છે. આ વાક્ય જે અસફળતામાં હતાશા તરફ ધકેલાઇ ગયેલી વ્યક્તિને ફરી સફળતા તરફના રાહ તરફ જવા માટે મોટું આશ્વાસન બળ પુરુ પાડે છે. તેમજ એ રાહ પર જવા માટે આપણી જીવનની ગાડીમાં અખુટ ઇંધણ પુરુ પાડે છે. કોઇ વ્યક્તિને પોતાના કાર્યમાં અસફળતા મળે, ઉતરતા દિવસો આવે અને આપણે તેને કહીએ, તારા કાર્યને પડતું મુક, આવું કહેવાના બદલે આપણે તેને એવુ કહીએ તારુ કાર્ય સુંદર છે અને તારો પ્રયત્ન આઠે પહોર ને બત્રીસે ઘડી એ રહે તેમ ચાલુ રાખજે. આમ કહીને તો એ વ્યક્તિ પોતાના કાર્યમાં ફરી જોતરાઇ જાશે.સફળતાના શિખરો ભવિષ્યમાં સર કરી લેશે. અને મન વાંચ્છિત ફળ પણ પ્રાપ્ત કરશે. અસફળતામાં વ્યક્તિને કયારેક અસહ્ય કડવા વેણ સાંભળવા પડતા હોય છે.નીંદા-કુથલી પણ થતી હોય છે. આથી જ બીલ ગેટ્સ આપણને જીવન સાફલ્યની હાથમાં કુંચી આપતા રહે છે. પોતાની નિંદા અચુક સાંભળવી જોઇએ. એમાં આત્મનિરીક્ષણની ઉત્તમ તકો રહેલી છે.આપણે બોલીવુડના ઘણા સફળ અભિનેતા-અભિનેત્રીઓને ચલચિત્રમાં જોઇએ છીએ. તેઓ બોલીવુડમા આજ સુપરસ્ટાર કે બેતાજ બાદશાહ બન્યા નથી. પણ તેઓએ તે પહેલાં ઘણીવાર જીવનમાં ઠોકરી ખાધી છે, અસફળતાનો કડવો ઘુંટડો અનેક વાર પીધો છે.

જીવનમાં સફળતા પ્રાપ્ત થતી હોય છે પણ તે અગાઉ સફળતાના પથ પર ડગલું માંડતા અનેક પરિબળોના પથ્થરો સાથે ઠોકર ખાવી પડતી હોય છે.જીવનના પથ પર ક્યાંક ખાડો, ક્યાંક કાંટો, ક્યાંક તડકીછાંયડી વગેરે પરિબળોના સ્ટેશનો આવતાં હોય છે.આપણે આપણા સફળતાના રહસ્ય તપાસીએ ત્યારે અનેક પરિબળોના સ્મરણ થતા હોય છે.જેમકે આર્થિક હાલાકી વેઠવી, એક ટંકનું ભોજન મળવું કે સુકો રોટલો મળવો, પગપાળા કરીને એક ગામથી બીજે ગામ જવું અથવા શાળાએ જવું. બાળમજુરીનો ભોગ બનવું, ઉત્સવો ટાણે નવા કપડાં ન મળવા, વખતની છાંયડી વગેરે. આમ આપણે સફળતાની નિસરણી પર સીડી ચડતાં ચડતાં કેટલું હાંફી જવાતું હોય છે ? તે છતાંય મન મક્કમ અને માથે લીધેલું કામ ‘હા થશે’ જેવો હકારાત્મક અભિગમ કેળવીએ ત્યારે સફળતા પ્રાપ્ત થતી હોય છે.થોડા દિવસો પહેલાં અમે સરદાર સરોવર ડેમની મુલાકાતે ગયા.ત્યાં ડેમ પર ફરજ બજાવતાં અમારા આપ્તજનને મળવાનું થયું.મારે તેની સાથે આ પ્રથમ મુલાકાત હતી પણ તે મુલાકાત શાનદાર હતી. તેણે મુલાકાત વેળાએ જ જે જે વાતો અમારી સમક્ષ રજુ કરી તે વાતો અમને ગોઠી ગઇ. તે છવ્વીસ વર્ષીય યુવાને વાત માંડતા પોતાની આપવીતી રજુ કરી. બીએસસી અને એમએસસીનો અભ્યાસ પુર્ણ કર્યા બાદ મારામાં સરકારી મેળવવાનો વિચાર સ્ફુર્યો. એટલે આ વિચારને મે જીવનમાં ક્યાંય પડતો મુક્યો નહીં. અને અનેક સ્પર્ધાત્મક પરીક્ષાઓની પુર્વ તેયારીઓ કરવા લાગ્યો. મારામાં એકજ લક્ષ્ય હતું બસ હવે મારે નોકરી મેળવવી છે. મારા લક્ષ્ય સુધી પહોચવા મે કેડે કાંકરો મુકી ગહન વાંચન કરતો રહ્યો. મારુ સંપુર્ણ ધ્યાન વિશાલ વાંચન તરફ રહ્યું. મારી મહેનતના મુળ ઉંડા ને ઉંડા ઉતરતા ગયા. ક્ષણનો પણ બગાડ ન થાય તેની હું ખુબકાળજી લેતો હતો. મારુ વાંચન દસ કલાકનું હતું તે વધીને બાર કલાકનું થયું.આખરે પરીક્ષાનો વખત આવ્યો અને મે પરીક્ષા આપી. પરીક્ષા આપ્યા બાદ પરીક્ષાનું પરિણામ જાણવાની ખાસ્સી જિગ્નાસા જાગી. મારુ અંતે પરિણામ આવ્યું ખરુ. પરિણામ ઝળહળતીં આવ્યું. હું પોલીસ સબ ઇન્સપેકટરની પરિક્ષામાં પાસ થઇ ગયો . છેલ્લે તે યુવાને અમને હસતા મુખે કહ્યુ કે માગ્યા મેહ વરસ્યા ખરા. એવું જ એક તાજુ દૃષ્ટાંત આજના યુવા વર્ગ માટે પ્રેરણાત્મક નિવડે તેવું છે.હમણાં જ એક છાપામાં મે એક યુવાનની વાત વાંચી. યુવાન અંતરિયાળ ગામડાનો હોવા છતાંય તેની અદભુત સિધ્ધિ આપણને આંખે ઉડીને વળગે તેમ છે. યુવાન હાલમાં ગાંધીનગર સચિવાલયમાં સેકશન અધિકારી તરીકે ફરજ બજાવે પણ યુવાને ચાલુ નોકરીમાં પુન: ચાર વાર જીપીએસસીની પરીક્ષાઓ પાસ કરી છે.વળી નાયબ મામલતદાર,ચીફ ઓફિસર્ હાઇકોર્ટમાં નાયબ સેકશન અધિકારી, સચિવાલયમાં ઓફિસ આસી. જેવી પરિક્ષાઓ પાસ કરી ચુક્યો છે. એજ પ્રમાણેં ડાંગના કરાડીઆંબા ગામની ગોલ્ડન ગર્લ નામથી સુખ્યાત થયેલી સરિતા ગાયકવાડનું ઉત્તમ ઉદાહરણ છે. આવા ઘણા અન્યન્ય દૃષ્ટાંતો વાંચ્યા પછી અહી એક પંક્તિ પુરવાર થાય છે.

કદમ અસ્થિર હો એને કદી રસ્તો
નથી જડતો, અડગ મનના
મુસાફરને હિમાલય પણ નડતો
નથી.

કોઇ વ્યક્તિ આપણને કહે આ કામ તારાથી ન થાય એટલે આપણુ કામ પડતું ન મુકાય અન્યની પાયા વિહોણી સલાહ માની ન લેવાય, અન્યની વાતો પર સમાલોચના કરવી પણ જરુરી છે. આપણે તે ક્ષણે હકારાત્મક અભિગમ રાખવો, સ્વને પ્રશ્નો પુછવા આ કામ કેમ મારાથી ન થાય ? ‘હા થશે’ ની હકારાત્મક અભિગમ આપણામાં કેળવાવો જોઇએ. પોઝીટીવ થિન્કીંગનું જતન કરવું જોઇએ, જે વ્યક્તિ મન દિલ દિમાગથી પોતાના લક્ષ્ય સુધી પહોચવા અવિરત પ્રયત્ન કરતી રહેતી હોય છે તેને યેનકેન પ્રકારે રસ્તો જડી જતો હોય છે. આ કામ મારાથી ના થાય આ વાક્યમાં નબળાઇ કે આળસ ભરપુર છે તેના કરતાં હા થશે જેવો હકારાત્મક અભિગમ કેળવી શકાય.આમ કહેવાથી આપણું મન ઘણા સમયથી લકવા ગ્રસ્ત હોય તે પણ ફરીથી દોડતું થઇ જશે. તો ચાલો આપણે હા થશે ના હાઇવે તરફ આપણી જીવનની ગાડી હંકારીએ.

-મથુર વસાવા
સેન્ટ જોસેફ હાઇસ્કુલ,
ઊના.જી.ગીર-સોમનાથ.

## જાણવા જેવું !

માડાગાસ્કર ટાપુ પર જોવા મળતા ટેનરેક નામના ઉંદર ૮ થી ૩૮ સેમીની લંબાઇ ધરાવે છે.

માદા કાચબો ૧૦૦૦ બચ્ચાઓને જન્મ આપે છે. પરંતુ કમનસીબે આ ૧૦૦૦ બચ્ચામાંથી ફક્ત ૧ બચ્ચું જ જીવીત રહે છે.પ્રાગેતિહાસિક કાળમાં કાચબાઓનું વજન ૫ હજાર પાઉન્ડ જેટલું હતું.

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**
પી.જી.યોગા,ડીએચએમએસ
**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**
એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**
**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**
- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

**★ નીલા ફાઇનાન્સ ★**
**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
*નીલા સી.ગામડીયા*
‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિધાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

**ગ્લોરી કેટરીગ સર્વીસ**
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**
સંપર્ક:
**એ.એમ.મેકવાન**
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.